પૂર્વછાયો- વળી વડોદરા શહેરની, કહું વર્ણવી એક વાત ।
પૂર્યા પરચા જનને, સહુ જાણે એમ સાક્ષાત ॥૧॥
એક એકને અનેક પરચા, આપે છે અવિનાશ ।
તેણે ખુમારી તનમાં, મન મગન રહે છે દાસ ॥૨॥
આ લોકને પરલોકનું, થયું સુલભ સહુને કાજ ।
દેહ છતાં દુઃખીયા નહિ, તન છૂટ્યે આવે મહારાજ ॥૩॥
જોઈ જન એવી રીત્યને, કરે અતિ પ્રિત્યે સત્સંગ ।
તેણે કરીને તનમાં, ચડે નિત્યે નવલો રંગ ॥૪॥

ચોપાઇ- ધન્ય ધન્ય આ સત્સંગ માંય, શ્રીહરિ પોત્યે કરે સહાય ।
જ્યાં જ્યાં સહાય કરી ઘણી સ્વામી, કહું તેતે હવે કરભામી ॥૫॥
એક દ્વિજભક્ત રામચન્દ્ર, રૂડો રોગારી જાણે રાજેન્દ્ર ।
તેણે સમજીને કર્યો સત્સંગ, ભજે સ્વામી શ્રીજીને અભંગ ॥૬॥
કરતાં સ્મરણ શ્વાસ ઉશ્વાસ, સુતો અંતર દર્શનની આશ ।
કહે બહુ વિતિ ગયા દન, નથી થયું મને દરશન ॥૭॥
નથી જવાતું મેં તિયાં સુધી, એવો રાખ્યો છે વેવારે રૂંધી ।
એમ શોચે ઘણું ઘણું મન, હવે ક્યારે થાશે દરશન ॥૮॥
એમ સંભારી સુતો ઢોલિયે, કહે નાથ કમાડ ખોલિયે ।
ઉઠ્યો રામચન્દ્ર સુણી સાદ, પ્રભુ પધાર્યા પામ્યો આનંદ ॥૯॥
ઉઠી ઝટ ઉઘાડીયું દ્વાર, આવ્યા હરિ મંદિર મોઝાર ।

કોટિ કોટિ સૂર્યને સમાન, શોભા કહી ન જાય નિદાન ॥૧૦॥
સુખસાગરમય મૂરતિ, દેખી દુઃખ રહ્યું નહિ રતિ ।
સંગે ઈંદિરા શોભાની ખાણય, કવિ ક્રોડ્યે ન થાય વખાણ ॥૧૧॥
નખશિખા સજયા શણગાર, શોભે નાથસાથે શ્રી અપાર ।
કહે રામચન્દ્ર જોડી હાથ, કીધો આજ કૃતારથ નાથ ॥૧૨॥
મારાં ભાગ્ય મોટાં મહારાજ, થયાં અલૌકિ દર્શન આજ ।
રહો કરાવું રસોઈ ત્યાર, પ્રીત્યે જમીએ પ્રાણઆધાર ॥૧૩॥
ત્યારે બોલ્યા નાથ મીઠી વાણ્યે, અમે આવ્યા હતા તારી તાણ્યે ।
નથી જમવું જાવું છે વળી, કરો દર્શન સર્વે મળી ॥૧૪॥
દઈ દર્શન પ્રસન્ન કરી, પછી ત્યાંથી પધારીયા હરિ ।
રામચન્દ્ર કહે ધન્યધન્ય, થયાં આજ મને દરશન ॥૧૫॥
મુજ ઉપર અઢળક ઢળ્યા, પામ્યો પરચો જે પ્રકટ મળ્યા ।
વળી એક દિવસની વાત, પ્રભુ પધાર્યા પોતે સાક્ષાત ॥૧૬॥
આવ્યા અર્ધિનિશા અવિનાશી, સહુ સુતાંતાં કમાડ વાસી ।
એની કિંકરીને કહ્યું જાગ્ય, તારા ઘરમાં થઈ છે આગ્ય ॥૧૭॥
તેણે જાગતાં વાર લગાડી, ત્યારે અમૃતબાઈને જગાડી ।
કહે ઘર બળે છે તમારું, તને સુતાં લાગે કેમ સારું ॥૧૮॥
તેણે જગાવીયા વૈદ્યરાજ, કહે જાગો આવ્યા છે મહારાજ ।
કહ્યું જગાડી મુજને એમ, થઈ લાય સુતી છો તું કેમ ॥૧૯॥
માટે જુવોને બળે છે કિયાં, છે અળગું કે લાગ્યું છે ઈયાં ।
પછી રામચન્દ્રે જોયું જઈ, લાય પોતાના ઘરમાં થઈ ॥૨૦॥
તેને ઓલવીને કરી સ્તુતિ, ધન્યધન્ય પ્રભુ પ્રાણપતિ ।
જો ન જગાડો દીનદયાળ, તો આવ્યો હતો અમારો કાળ ॥૨૧॥
તમે કરી શ્રી મહારાજ સાર, અમે આવ્યાં નવે અવતાર ।
એમ કહી લાગ્યાં સહુ પાય, ત્યારે હસી બોલ્યા હરિરાય ॥૨૨॥
આજ ભક્તની કરવા સાર, અમે લીધો છે આ અવતાર ।
કોઈ રીત્યે દુઃખી થાય દાસ, એવું ન કરું કહે અવિનાશ ॥૨૩॥

માટે આપ્યો છે પર્યો મેં આજ, એમ કહી ચાલ્યા મહારાજ ।
પામી આશ્ચર્ય કહે રામચન્દ્ર, ધન્યધન્ય સુખના સમુદ્ર ॥૨૪॥
વળી એક દિવસની કહું, થયો પર્યો સાંભળજયો સહુ ।
તેડ્યા જમવા ઘેર મરાળ, કર્યો ઠાકુર અરથે થાળ ॥૨૫॥
શાક પાક ને જલેબી જેહ, ભરી થાળ ધર્યો આગે તેહ ।
આવી જમિયા જીવનપ્રાણ, પ્રભુ પોત્યે પ્રકટ પ્રમાણ ॥૨૬॥
જમી આઠ જલેબીજ લીધી, એક હરિજન બાઈને દીધી ।
કહે ગયાતા વૈદ્યને ઘેર, આજ જમ્યા અમે સારી પેર ॥૨૭॥
થાળમાંથી લાવ્યો છું પ્રસાદી, જોઈ જલેબી સારી છે સ્વાદી ।
કહે ભેળી થાય સહુ બાઈ, વહેંચી આપજ્યો મંડળીમાંઈ ॥૨૮॥
આપી મહારાજે પ્રસાદી જેહ, બાઈએ બાઈઓમાં વેંચી છે તેહ ।
હવે વૈદ્યતણી કહું વાત, થયું જેમ તેમ તે સાક્ષાત ॥૨૯॥
બેઠા જમવા જ્યારે મરાળ, રામચન્દ્રે સંભાળ્યો છે થાળ ।
આઠ જલેબી ઓછીજ થઈ, સમજ્યા મનમાં વાત ન કઈ ॥૩૦॥
પછી પ્રકટ વાત એ થઈ, ત્યારે રામચન્દ્રે પણ કઈ ।
એવી રીતનો ચમત્કાર, પામ્યો રામચન્દ્ર બહુવાર ॥૩૧॥
વળી એક વાત છે અનુપ, સતસંગીને છે સુખરૂપ ।
રામચન્દ્રની ભારજયા જેહ, કહે રામચન્દ્ર પ્રત્યે તેહ ॥૩૨॥
જાશું ઉત્સવે આપણે જ્યારે, શું શું પૂજા લઈ જાશું ત્યારે ।
કહે રામચન્દ્ર તે સાંભળી, કરશું કસુંબી પોશાગ વળી ॥૩૩॥
કહે અમૃત કસુંબી વસન, નાથ પહેરે છે કોઈક દન ।
શ્વેત પોશાગ પહેરે છે ઝાઝું, માટે એવો કરાવો તો કાજુ ॥૩૪॥
ત્યારે રામચન્દ્ર કહે સારું, થાશે જેમ મહારાજનું ધાર્યું ।
એમ કરતાં વિત્યો છે દન, સંધ્યા સમે પધાર્યા જીવન ॥૩૫॥
સારો પહેરી સુંદર સુવાગ, જામો જરી ધરી શિર પાગ ।
શાલ દુશાલ સર્વે કસુંબી, ફુલહારે રહ્યા ભ્રંગ ઝુંબી ॥૩૬॥
તેની પડોશણ્ય એક બાઈ, દીઠા તેણે તે ચઉટા માંઈ ।

તેને નાથે વાત એમ કહી, કહેજયે અમૃત બાઇને જઇ ॥૩૭॥
તું કહેતિતી કસુંબી વસન, નથી પહેરતા જગજીવન ।
તે પહેર્યાં છે મેં સરવે આજે, કહેજે કહ્યું છે એમ મહારાજે ॥૩૮॥
નિરખી નાથને આવી છે એહ, કહી વૈદ્ય આગે વાત તેહ ।
પછી રામચન્દ્ર એની નાર, ધન્ય સામર્થ્ય છે અપરમ પાર ॥૩૯॥
આવા ચમતકારને જોઈ, નહિ માને મંદ મતિ કોઈ ।
પળે પળે પરચા અપાર, જાણે જન ન જાણે સંસાર ॥૪૦॥
વળી એક વાત અતિ સારી, કહું સહુ લેજયો મન ધારી ।
એક શાસ્ત્રી દ્વિજ શોભારામ, ભજે સહજાનંદ સુખધામ ॥૪૧॥
મન કર્મ વચને હરિદાસ, ખરો મહારાજનો છે વિશ્વાસ ।
તેના સુતનો આવિયો કાળ, આવ્યા તેડવા પોતે દયાળ ॥૪૨॥
ત્રુટી નાડી ને ન રહ્યા પ્રાણ, બોલી ન શકે નહિ ઓળખાણ્ય ।
એવું દિઠું શોભારામે જ્યારે, કરી સ્તુતિ મહારાજની ત્યારે ॥૪૩॥
સુણી નાથ થયા છે પ્રસન્ન, આનું તજાવવું નહિ તન ।
એમ કહિને પ્રકટ થયા, કરી હરિજન પર દયા ॥૪૪॥
દીધું સર્વેને દર્શન દાન, સહુ કહે ધન્ય ભગવાન ।
ભલે પધાર્યા દિન દયાળ, આજ અમારી લીધી સંભાળ ॥૪૫॥
કહે નાથ તારા સુતકાજ, આવ્યાતા તેડવા અમે આજ ।
પણ મુકી જાઈએ છીએ અમે, સર્વે શોક તજી દેજ્યો તમે ॥૪૬॥
એમ કહીને અદેશ્ય થયા, જન જોઈ આશ્ચર્ય પામીયા ।
પછી સુત તેનો તેહ વારે, થયો બેઠો પથારીથી ત્યારે ॥૪૭॥
કહે આવ્યાતા તેડવા નાથ, હું જાતોતો મહારાજની સાથ ।
કહે મુકી ગયા નાથ મને, એમ કહી છે વાત સહુને ॥૪૮॥
સુણી સર્વે પામિયાં આનંદ, કહે ધન્ય સ્વામી સહજાનંદ ।
તમે આપ્યો પરચો આ દયાળ, નાથ જીવાડ્યો મૃતક બાળ ॥૪૯॥
વળી દર્શન દીધાં સહુને, રાખ્યો મનુષ્યની હારમાં મુને ।
એમ કહ્યું શોભારામે જ્યારે, લખ્યું નિષ્કુળાનંદે તે વારે ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસોને ચુંમાળિસમું પ્રકરણમ્ ॥૧૪૪॥